ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૮-૧૧-૨૦૧૭

------------------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ ૯ નવેમ્બરના રોજ ૮ જીલ્લા-મહાનગરમાં કાર્યકરો સાથે સંવાદ કરશે.**

------------------

**૨૯ વિધાનસભાના કાર્યકરોને માર્ગદર્શન આપશે**

------------------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ સંગઠનાત્મક પ્રવાસના પાંચમાં અને અંતિમ દિવસે ૮ જીલ્લા-મહાનગરોનો પ્રવાસ કરશે અને કાર્યકરો સાથે સંવાદ કરશે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના પાંચમાં અને અંતિમ દિવસના પ્રવાસ કાર્યક્મોની વિગતોમાં જણાવ્યું હતું કે, શ્રી અમિતભાઇ શાહ ૯ નવેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે દક્ષિણ ગુજરાતના સુરત જીલ્લા અને તાપી જીલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જો અને ભાજપાના અગ્રણી કાર્યકરો સાથે કેદારેશ્વર મહાદેવ, બારડોલી ખાતે બે તબક્કામાં માર્ગદર્શન કરશે.

શ્રી અમિતભાઇ શાહ પ્રવાસના અંતિમ દિવસે દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં જામનગર શહેર, જામનગર જીલ્લો અને દેવભૂમિ દ્વારકાના કાર્યકરોને તેમજ શક્તિકેન્દ્રના ઇન્ચાર્જોને ઓસવાલ સેન્ટર, ૭ રોડ નજીક જામનગર ખાતે બપોરે ૨.૩૦ કલાકે બે તબક્કામાં માર્ગદર્શન કરશે.

ડૉ. જગદીશ ભાવસારે શ્રી અમિતભાઇ શાહના સંગઠનાત્મક પ્રચારની વિગતોમાં અંતમાં જણાવ્યું હતુ કે, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતનો ઝંઝાવાતી પ્રવાસ કરી તેઓશ્રી મધ્ય ગુજરાતના વડોદરા મહાનગર, વડોદરા જીલ્લો અને છોટાઉદેપુરના શક્તિકેન્દ્રના ઇન્ચાર્જો અને અગ્રગણ્ય કાર્યકરોને બે તબક્કામાં પ્રેરક માર્ગદર્શન હિમાલયા પાર્ટીપ્લોટ, વાઘોડીયા ચાર રસ્તા ખાતે સાંજે ૭.૧૫ કલાકે આપશે. આ અગાઉ સાંજે ૬.૩૦ કલાકે મીલન પાર્ટીપ્લોટ વડોદરા ખાતે પત્રકારોને સંબોધન કરશે.

શ્રી અમિતભાઇ શાહ સંગઠનાત્મક પ્રવાસના પાંચમાં અને અંતિમ દિવસે ૨૯ વિધાનસભાના કાર્યકરો સાથે સંવાદ કરશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૮-૧૧-૨૦૧૭

---

**"ભારત માતા કી જય" ના નારા સાથે અમદાવાદના ખાડીયા જમાલપુર, બહેરામપુરામાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું "ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન"**

---

**જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલિપદાસજી મહારાજના આશિર્વાદ મેળવતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**

---

**જમાલપુરમાં લઘુમતિ સમાજે વૈવિધ્યસભર રીતે મુખ્યમંત્રીનું સ્વાગત - આવકાર આપ્યો**

---

**બહેરામપુરામાં ગરીબ-અનુસુચિત જાતિના નાગરિકોએ ઉમળકાભેર સ્વાગત-સન્માન કર્યુ**

---

**ભાજપા એ સર્વસ્પર્શી અને સર્વસમાવેશક વિકાસને વરેલી છે.
શાંત અને સલામત અને પ્રગતિશીલ ગુજરાત એ ભાજપાનો મહામંત્ર છે.**

---

ભાજપા દ્વારા સમગ્ર ગુજરાતમાં ૭ નવેમ્બરથી ૧૨ નવેમ્બર દરમ્યાન હાથ ધરાયેલ "ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન" ના ભાગરૂપે ગુજરાત રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજરોજ અમદાવાદના જમાલપુર-ખાડિયાના મતવિસ્તારમાં જનતાજનાર્દન સાથે સંપર્ક કર્યો હતો અને રોડ-શો યોજ્યો હતો.

''ભારત માતા કી જય'' અને ''વંદે માતરમ''ના નારા સાથે પ્રારંભ થયેલ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન દરમ્યાન અમદાવાદના સુપ્રસિધ્ધ જગન્નાથજી મંદિરના મુખ્યમંત્રીશ્રીએ દર્શન કર્યા હતા અને મહંતશ્રી દિલિપદાસજીના આશિર્વાદ મેળવ્યા હતા.

ખાડીયા-જમાલપુર વિધાનસભા મતવિસ્તારના લઘુમતિ વિસ્તારોમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું નાગરિકોએ વૈવિધ્યસભર રીતે સ્વાગત કર્યુ હતુ અને ઉમળકાભેર આવકારો આપ્યો હતો.

ખાડીયા-જમાલપુર વિધાનસભા મતવિસ્તારના બહેરામપુરા વિસ્તારમાં વસતા ગરીબ પરીવારોની વચ્ચે મુખ્યમંત્રી ગયા હતા અને પ્રજાની સાથે સંવાદ કર્યો હતો. બહેરામપુરામાં ગરીબ-અનુસુચિત જાતિના નાગરિકોએ ઉમળકાભેર સ્વાગત-સન્માન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ ખાતે આજના ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનના પ્રારંભે જણાવ્યું હતુ કે, ગુજરાતની ભાજપા સરકાર અને દેશની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ભાજપા સરકાર પ્રજાની સેવાને વરેલી છે. ''સૌનો સાથ સૌનો વિકાસ'' મંત્ર સાથે કાર્ય કરી રહેલ છે, જનજનને તેનું સમર્થન છે, તેનું આજે મને ખાડીયા-જમાલપુર વિસ્તારમાં સમાવિષ્ટ તમામ સમુદાયના લોકોએ કરેલા સન્માન થકી અહેસાસ થયો છે. લઘુમતિ સમાજના લોકો પણ વિકાસને સમર્થન આપી રહ્યા છે અને કોંગ્રેસના નકારાત્મક વિવાદોને જાકારો આપી રહ્યા છે. ભાજપા એ સર્વસ્પર્શી અને સર્વસમાવેશક વિકાસને વરેલી છે. શાંત અને સલામત અને પ્રગતિશીલ ગુજરાત એ ભાજપાનો મહામંત્ર છે.

ખાડીયા-જમાલપુર વિધાનસભાના ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં ધારાસભ્યશ્રી ભુષણ ભટ્ટ, શહેર મહામંત્રીશ્રી મનુભાઇ કાથરોટીયા સહિત કોર્પોરેટરો, ધારાસભ્યો અને કાર્યકરો જોડાયા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૮-૧૧-૨૦૧૭

---

**ભાવનગર-અમરેલી જનજનનો સંપર્ક કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

---

**ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન એ જનતાની વચ્ચે યોજાયેલ મહા અભિયાન છે**

---

**કોંગ્રેસની નકારાત્મકતા સામે ભાજપાની હકારાત્મકતા વિજયી થશે**

---

**"ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન"**ના પ્રથમ દિવસે ૭ નવેમ્બરના રોજ ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ભાવનગર ખાતે સેવાવસ્તીમાં જનતા-જનાર્દનના આશિર્વાદ મેળવ્યા હતા અને સરકારની પ્રજાકલ્યાણલક્ષી કામગીરી અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો ગુજરાતના ભાઇઓ-બહેનોને ઉદ્દેશીને લખાયેલ સંદેશ જનતાજનાર્દન સુધી પહોચાડ્યો હતો.

"ભારત માતા કી જય" અને "વંદે માતરમ" ના નારા સાથે ભાવનગરના વિવિધ વિસ્તારોમાં જનસંપર્ક કરી આજરોજ ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ અમરેલીના દામનગર વિસ્તારમાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં ભાગ લઇ જનતા જનાર્દનના આશિર્વાદ મેળવ્યા હતા.

શ્રી જીતુભાઇ વાઘાણીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે, ગુજરાતની રાજકીય પાર્ટીઓએ ક્યારેય ન યોજ્યું હોય તેવું આ જનતાજનાર્દન વચ્ચે જવાનો, સરકારે કરેલી સમાજ કલ્યાણલક્ષી કામગીરી જનતા સમક્ષ મુકવાનું અને જનતાના આશિર્વાદ મેળવવાનું આ મહાઅભિયાન છે.

શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, વિકાસને બદલે વિવાદો કરનારી કોંગ્રેસની નકારાત્મકતા સામે ભાજપાની હકારાત્મકતા વિજયી થશે, કોંગ્રેસના અસત્ય સામે ભાજપાનું સત્ય વિજયી થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૦૮-૧૧-૨૦૧૭

---

## જુનાગઢ ખાતે કાળા નાણાં વિરૂધ્ધ ઝુંબેશમાં હસ્તાક્ષર અભિયાન યોજાયું

---

## ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે કાળા નાણાં વિરૂધ્ધ હસ્તાક્ષર અભિયાનમાં ભાગ લીધો

---

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી પાંચ દિવસના સંગઠનાત્મક પ્રવાસના ચોથા દિવસે આજરોજ જુનાગઢ ખાતે પહોચ્યા હતા. જુનાગઢ મહાનગર, જુનાગઢ જીલ્લો અને ગીર-સોમનાથ જીલ્લાના શક્તિકેન્દ્રના ઇન્ચાર્જો અને ભાજપાના અગ્રણી કાર્યકરોને તેઓશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.

૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ દેશમાં કાળા નાણાં વિરૂધ્ધ ભાજપાની શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારે કરેલ નોટબંધીના સમર્થનમાં જુનાગઢ ખાતે યોજાયેલ હસ્તાક્ષર અભિયાનમાં ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ હસ્તાક્ષર કર્યા હતા.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે ત્રણ જીલ્લાના કાર્યકરો અને શક્તિકેન્દ્રના ઇન્ચાર્જોને સંબોધતા જણાવ્યું હતુ કે, કાર્યકર્તા ભાજપાનો આધારસ્થંભ છે. કાર્યકર્તાઓનો પરિશ્રમ અને પ્રતિબધ્ધતાના પરિણામે ભાજપા આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે.

તેઓશ્રીએ ૯ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં પેજવિજય, બુથવિજય, શક્તિકેન્દ્રવિજય થકી વિધાનસભાવિજય અને ૩/૪ બહુમતિ સાથે ભાજપાની સરકાર બનાવવા પરિશ્રમી બનવા કાર્યકરોને આહવાન કર્યુ હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા.૦૮.૧૧.૨૦૧૭

---

**કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાની ‘‘ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન’’માં જોડાશે**

---

**ભાજપાના કેન્દ્રીય નેતાઓ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાશે**

---

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે, ભાજપા તરફથી હાથ ધરવામાં આવેલ ૦૭ થી ૧૨ નવેમ્બર ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં ભાગ લેવા કેન્દ્રના માહિતી પ્રસારણ અને ટેક્સટાઇલ મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાની ૦૯ નવેમ્બરના રોજ અમદાવાદ પધારશે. અમદાવાદના જોધપુર વોર્ડ ખાતે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન અંતર્ગત ઘરે-ઘરે જઇને જનસંપર્ક કરશે.

શ્રીમતી સ્મૃતિબેન ઇરાની ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ માટે ભાજપા દ્વારા થલતેજ ખાતે ઉભા કરાયેલા મીડિયા સેન્ટરની મુલાકાત લેશે અને પત્રકાર પરિષદને પણ સંબોધન કરશે.

ભાજપાના કેન્દ્રીય નેતાઓ શ્રી હંસરાજ આહિર, જુનાગઢ અને રાજકોટ ખાતે શ્રી મનોજ સિન્હા પાટણ ખાતે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાશે.

ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ અને કાર્યકરો ઘર-ઘર ચલો અભિયાનમાં સતત ત્રીજા દિવસે વિવિધ વિસ્તારોમાં જનતાજનાર્દનની મુલાકાત લેશે અને ગુજરાતના ગૌરવ વડાપ્રધાનશ્રીનો સંદેશ તેમજ સરકારની કામગીરી પત્રિકા વિતરણ કરશે અને જનતા-જનાર્દનના આશિર્વાદ મેળવશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા.૦૮.૧૧.૨૦૧૭

------------------

**પૂર્વ વડાપ્રધાન ગુજરાતને ગુમરાહ ન કરે,**
**જૂઠું બોલી ઘા પર મીઠું ન ભભરાવે**

------------------

**ગુજરાતની પ્રજા- જુઠ્ઠી કોંગ્રેસને સાફ કરી નાખશે**

------------------

**એવા તો શું કારણો થયા કે પૂર્વ પ્રધાનમંત્રીશ્રી મનમોહનસીંગે ગુજરાતમાં આવીને જુઠું બોલવું પડ્યું તેની સ્પષ્ટતા શ્રી મનમોહનસીંગ અને રાહુલ ગાંધી કરે - મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**

------------------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના પૂર્વ વડાપ્રધાન ગુજરાતની જનતાને ગુમરાહ કરી રહયા છે. અસત્ય (જૂઠું) બોલીને ઘા પર મીઠું ભભરાવાનું કામ કરે છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે, યુ.પી.એ.ના ૨૦૦૪ થી ૨૦૧૪ના ૧૦ વર્ષના સમયગાળા દરમ્યાન ગુજરાતના હક્કો પર તરાપ મારનાર કોંગ્રેસ, ગુજરાતના વિકાસમાં અવરોધ ઉભા કરનાર કોંગ્રેસ, ગુજરાતની વિકાસપ્રેમી જનતા દ્વારા ચૂંટેલી સરકાર સામે બદલાનો ભાવ રાખનાર કોંગ્રેસ સરકારના પૂર્વ વડાપ્રધાને ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર નર્મદા બંધ યોજના બાબતે જુઠું બોલીને ગુજરાતનું અપમાન કર્યુ છે. ગુજરાતની જનતા આ વાતને ભુલશે નહીં, અને જુઠાણાનો પર્યાય કોંગ્રેસ અને ડો. મનમોહનસીંગને માફ કરશે નહી.

ગુજરાતની તત્કાલિન ભાજપા સરકારના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કેન્દ્રની ડો. મનમોહનસીંગના નેતૃત્વવાળી સરકાર દ્વારા ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાને અવરોધવાનું અને કામ અટકાવવાના લીધેલ પગલા સામે ૫૧ કલાકના ઉપવાસ ગુજરાત યુનિવર્સીટી મેદાન ખાતે કર્યા હતાં. પ્રગતીશીલ રાજ્યના પ્રાણ પ્રશ્ન સમાન નર્મદા યોજના માટેના ચૂંટાયેલી  સરકારના મુખ્યમંત્રીના ૫૧ કલાકના ઉપવાસને પરિવાર ભક્તિમાં વ્યસ્ત અને ગુજરાતના કેન્દ્રમાં કાર્યરત ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા નેતાની ગુજરાતની ભાજપાની ચૂંટાયેલી સરકારને જશ ન મળે, શ્રી નરેન્દ્રભાઇ મોદીને જશ ન મળેની નકારાત્મક રાજનીતિને વશ થનાર ડો.મનમોહનસીંગે નર્મદાના સંદર્ભે ગુજરાતમાં આવીને પોતાના પ્રત્યેના માનને ધૂળધાણી કરી દીધુ છે. ગુજરાતને અન્યાય અને ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાને કોંગ્રેસે અટકાવી, અવરોધી, ગુજરાતની તરસી પ્રજાને પાણીથી વંચિત રાખવાનું પાપ કર્યુ છે. ગુજરાતના કિસાનને સિંચાઇના પાણીથી વંચિત રાખવાનું કામ કર્યુ છે તેને કોંગ્રેસ પાર્ટીના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસીંગ અસત્ય વાણી દ્વારા સત્ય કરી શકશે નહી. ગુજરાતની જનતા વિકાસ વિરોધી, નર્મદા વિરોધી કોંગ્રેસને તેનો માર્ગ આગામી ચૂંટણીમાં બતાવીને કોંગ્રેસના સૂપડા સાફ કરી નાંખશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સીલસીલાબંધ મુલાકાતો અને રજુઆતોની વિગતો આપતાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તત્કાલિન પ્રધાનમંત્રીશ્રી મનમોહનસીંગને પર્યાવરણ તથા પુન:વસવાટની પેટા સમિતિઓનો ક્લિયરન્સ માટે તારીખ ૧૭-૦૫-૨૦૧૧ તથા તારીખ ૭-૯-૨૦૧૩ના રોજ પત્રો લખેલ છે. રણ વિસ્તારને દુષ્કાળ સંભવિત વિસ્તારની સમકક્ષ બનાવવા માટે તારીખ ૧૭-૧-૨૦૧૧, તારીખ ૨૧-૬-૨૦૧૧ તથા તારીખ ૩-૮-૨૦૧૩ના રોજ પત્રો લખ્યા હતા. તારીખ ૨૬-૩-૨૦૧૧ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી મનમોહનસીંગ સાથે તેમની અમદાવાદની મુલાકાત સમયે પણ નર્મદાના વિવિધ મુદ્દાઓ અંગે પણ રજુઆત કરી હતી. તારીખ ૬-૨-૨૦૧૩ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી મનમોહનસીંગની મુલાકાત લઇ હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મહત્વના પ્રશ્નો બાબતે ૪૫ મીનીટ ચર્ચા કરી હતી, તેમાં સરદાર સરોવર ડેમની ઉંચાઇ વધારવા અંગે પણ રજુઆત કરાઇ હતી. ડેમની ઉંચાઇ વધારવા માટે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં તારીખ ૧૬-૪-૨૦૦૪ થી તારીખ ૩-૮-૨૦૧૩ સુધીમાં આઠ વાર ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાના સંદર્ભમાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના મંત્રીશ્રીઓને, વડાપ્રધાનશ્રી ડો. મનમોહનસિંહને પત્રો લખીને ઉદઘાટન માટેના નિમંત્રણ પાઠવવામાં આવ્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યસભાના સાંસદ તરીકેની તેમની તત્કાલિન વડાપ્રધાનશ્રી મનમોહનસીંગ સાથેની નર્મદા અંગે આદરણીય શ્રી અડવાણીજીના નેતૃત્વમાં થયેલી મુલાકાતોને વાગોળતાં જણાવ્યું હતુ કે, જ્યારે પણ મુલાકાત કરતાં ત્યારે, મનમોહનસીંગજી હંમેશા એક જ ઉદગાર કાઢતાં - **“અભી તક નહી હુઆ”** અને રજુઆત તેમની પાસે રાખી લેતાં અને તે સંદર્ભે કોઇપણ કાર્યવાહી તેમણે હાથ ધરી ન હતી. આટલું બધું થવા છતાં પણ ડો. મનમોહનસિંહ અને કોંગ્રેસ કેમ જુઠ્ઠાણા ફેલાવે છે? નકારાત્મક વલણો ધરાવે છે? ગુજરાતનું હિત કોંગ્રેસને પચતુ નથી તે તેનું વલણ સ્પષ્ટ કરે છે. મુખ્યમંત્રીશ્રીએ કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વ અને ખાસ કરીને રાહુલ ગાંધીને જ્યારે પણ હવે ફરી ગુજરાતના આંગણે આવે ત્યારે કોઇપણ જાતના જુઠાણાં ન ફેલાવવા અપીલ કરી હતી અને ડૉ. મનમોહનસીંગ ગુજરાતની પ્રજા સામે જે જુઠ્ઠાણાં ફેલાવી ગયા છે તે અંગે સ્પષ્ટતા કરવા જણાવ્યું હતુ અને ઉમેર્યું હતુ કે, આવી જુઠ્ઠી, ગુજરાતનું અહિત કરનારી, ગુજરાતને અન્યાય કરનારી કોંગ્રેસને ગુજરાતની જનતા ક્યારેય માફ નહી કરે અને આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસને જડમૂળમાંથી ઉખાડી ફેંકશે, તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૭ તા.૦૮.૧૧.૨૦૧૭

---

**કોંગ્રેસની સરકાર માત્રને માત્ર ભ્રષ્ટાચારમાં ડુબેલી હતી,
તેથી વિકાસના કામો માટે સમય ન મળ્યો. – શ્રી પિયુષ ગોયલજી**

---

**સમગ્ર દેશમાં નોટબંધી અને જી.એસ.ટી.ને જનતાનું મળતું સમર્થન – શ્રી પિયુષ ગોયલજી**

---

**દેશનો યુવાન આજે ઇચ્છી રહ્યો છે આંતરરાષ્ટ્રીય કક્ષાની તકનીક દેશમાં આવે, આપણો દેશ દુનિયાના
વિકસીત દેશની હરોળમાં આવે, પછાત શબ્દ એ દેશ માટે ભૂતકાળ બની જાય.**

---

**બુલેટ ટ્રેન બનાવવાના કામની સાથોસાથ હયાત રેલ્વે વ્યવસ્થાના
આધુનિકરણનું કામ સમાંતર ચાલશે. – શ્રી પિયુષ ગોયલજી**

---

કેન્દ્રીય મંત્રીશ્રી પિયુષજી ગોયલે ભાજપા મિડીયા સેન્ટર, થલતેજ ખાતે પત્રકાર પરીષદને સંબોધતા જણાવ્યું હતુ કે, ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં મળી રહેલ અભૂતપૂર્વ પ્રેમ અને સ્નેહનો મેં આજે અમદાવાદ ખાતે અનુભવ કર્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ ભાજપા પ્રત્યેનો પ્રેમ અને વિશ્વાસ ગુજરાતના ઘર-ઘરમાં દેખાઇ રહયો છે. ગુજરાતની જનતાએ સ્પષ્ટ સંકલ્પ કરી લીધો છે કે, ફરી એકવાર ભાજપાને સત્તાના સુકાન સોંપી ગુજરાતને વધુ ઉંચાઇએ લઇ જઇશું તેવું વાતાવરણ આખાય રાજ્યમાં જામ્યું છે.

શ્રી ગોયલે આજના દિવસને એક ઐતિહાસીક દિવસ તરીકે વર્ણવતા જણાવ્યું હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશ હિતમાં એક ખૂબ મોટો સાહસિક નિર્ણય ગત વર્ષે ૮ નવેમ્બરના રોજ લીધો હતો. દેશની જનતાએ મુશ્કેલીઓ ભોગવીને પણ તેનો સ્વીકાર કરીને દેશમાં કાળા બજાર, કાળા નાણા, મોંઘવારી, ભ્રષ્ટાચાર અને આતંકવાદ પર લગામ લાગે તે માટે ખૂબ મોટા પ્રમાણમાં સમર્થન આપેલ છે. નોટબંધી બાદ યોજાયેલ ચૂંટણીઓમાં ભાજપાનો જંગી વિજય એ નોટબંધીના નિર્ણયને પ્રજાનું સમર્થન છે, તેમ બતાવે છે.

વડાપ્રધાનશ્રીએ સત્તાના સુકાન સંભાળતાની સાથે જ કાળા નાણા સામે લડવા માટે એક પછી એક સાહસિક નિર્ણયો કર્યા હતા. યુ.પી.એ. ની બંને સરકારોએ છેલ્લા ૧૦ વર્ષમાં કાળા નાણા માટે કોઇપણ નિર્ણયો કર્યા ન હતા. ૨૮ વર્ષથી વિલંબમાં પડેલ બેનામી સંપત્તિ અંગેનો કાયદો વડાપ્રધાનશ્રીની રાજકીય ઇચ્છા શક્તિ અને દેશને ઇમાનદારીની રાહ તરફ લઇ જવાની કટીબધ્ધતાના કારણે અમલમાં આવેલ છે. પાછલી કોંગ્રેસ સમર્થીત સરકારો નિર્ણયો લેવામાં અસમર્થ હતી, માત્રને માત્ર ભ્રષ્ટાચારમાં ડુબેલી હતી, તેમને વિકાસના કાર્યો માટે સમય ન હતો, તેમ જણાવતાં શ્રી ગોયલે કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતાં, અને કહયું હતુ કે કોંગ્રેસ દેશને પછાત જ રાખવા માંગતી હતી.

શ્રી ગોયલે જી.એસ.ટી. અંગે નિવેદન આપતા જણાવ્યું હતુ કે, ગઇ કાલે સુરતમાં ટેક્ષટાઇલ એસોસીએશન, ડાયમંડ એસોસીએશન સહિત કેટલાક વેપારી એસોસીએશનને મળવાનું થયું હતું. જી.એસ.ટી.ના નિર્ણયને સૌ એ સમર્થન કરેલ છે, અને નાની મોટી વિસંગતતાઓ વિષે માહિતી આપી તે અંગે નિર્ણયો કરવા જણાવ્યું હતું. નાણાંમંત્રી શ્રી અરૂણ જેટલીજીના અધ્યક્ષસ્થાને જી.એસ.ટી. કાઉન્સિલમાં બધા જ રાજ્યોના નાણામંત્રીશ્રીઓ સામેલ છે, અને રીવ્યુ બેઠકોમાં ઘણાબધા ફેરફારો હાથ ધરેલ છે, અને ભવિષ્યમાં પણ સરળીકરણ માટે ખૂબ મોટા ફેરફારોની શક્યતાઓ છે. ગઇ વખતની બેઠકમાં ૧૦૦ થી વધુ વસ્તુઓ પર જી.એસ.ટી.ના દરો ઘટાડવામાં આવેલ છે, અને જી.એસ.ટી.ના સરળીકરણની પ્રક્રિયા હાથ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



ધરવામાં આવેલ છે, આગામી ૧૦મી તારીખે મળનાર જી.એસ.ટી. કાઉન્સિલની મીટીંગમાં ઘણા બધા નિર્ણયો લેવાશે તેવો આશાવાદ શ્રી ગોયલે વ્યક્ત કરેલ હતો.

શ્રી ગોયલે જણાવ્યું હતું કે, નોટબંધી પછી ૧૭.૭૩ લાખ જેટલા કેસો સ્ક્રુટીની દ્વારા શંકાસ્પદ જણાયેલ છે, તેની તપાસ થઇ રહેલ છે. નોટબંધીના કારણે દેશમાં વ્યાજદર ઘટ્યાં છે, ઓછાદરે લોનો ઉપલબ્ધ થઇ રહેલ છે. અસંગઠિત કામદારોના ૫૦ લાખથી પણ વધુ ખાતાઓ ખુલ્યાં છે. લઘુત્તમ વેતનના લાભો દેશભરમાં કામદારોને મળી રહયાં છે. ઇ. એસ. આઇ. સી. માં ૧ કરોડ ૩૦ લાખ લોકોની નોંધણી થયેલ છે. જેના કારણે તેમના પરિવારના ૬ થી ૭ કરોડ લોકોને આરોગ્યની સીધી સેવાઓનો લાભ મળનાર છે. પ્રોવિડન્ડ ફંડની અંદર ૧ કરોડ ૦૩ લાખ લોકોનો ઉમેરો થયેલ છે, જેના કારણે એમની સામાજીક સલામતી વધશે. લઘુત્તમ વેતનમાં અમારી સરકારે ૪૨ ટકા જેટલો મોટો વધારો કરેલ છે. જેના લાભો સમાજના ગરીબ વર્ગને મળી રહયાં છે. ભીમ એપ અને બીજી ડીજીટલ વ્યવસ્થાના કારણે ગત વર્ષે ડીજીટલ ટ્રાન્ઝેક્શનમાં ૫૮ ટકા જેટલો વધારો જોવા મળી રહેલ છે.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં ટ્રાન્સફોર્મેશન, ગ્રોથ, ગુડ ગર્વનન્સ, સાફ સુથરૂ રાજકારણ અને ઇમાનદાર અર્થવ્યવસ્થાની શરૂઆત થઇ ચૂકી છે. નવા ભારતની પરીકલ્પના સાથે દેશ આગળ વધી રહયો છે. ૨૦૨૨નું ભારત ભ્રષ્ટાચાર મૂકત, શિક્ષણ અને આરોગ્યયુક્ત બનશે. દેશમાં ૨૪ કલાક વિજળીની સગવડ, શુધ્ધ પીવાના પાણીની સુવિધા મળશે અને દરેકના માથે છત એ અમારૂં સ્વપ્ન છે, જે અમે પરીપૂર્ણ કરવા ખૂબ ઝડપી ગતીથી આગળ વધી રહયા છીએ. ગુજરાતે પ્રાથમિક સુવિધાઓની બાબતમાં દેશને રાહ ચિંધ્યો છે. હવે, દેશ એ જ દિશા નિર્દેશના આધારે આગળ વધી રહ્યો છે. દેશનો યુવાન આજે ઇચ્છી રહ્યો છે આંતરરાષ્ટ્રીય કક્ષાની તકનીક દેશમાં આવે, આપણો દેશ દુનિયાના વિકસીત દેશની હરોળમાં આવે, પછાત શબ્દ એ દેશ માટે ભૂતકાળ બની જાય.

પત્રકાર પરીષદમાં પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં શ્રી ગોયલે જણાવ્યું હતું કે, જે ટેકનોલોજી ૫૦ વર્ષ પહેલાં દેશમાં આવવી જોઇતી હતી તે કોંગ્રેસના કારણે આવી ન શકી. જાપાને બુલેટ ટ્રેન માટે નરેન્દ્રભાઇના નેતૃત્વનો વિશ્વાસ કરીને ૮૮ હજાર કરોડની લાંબાગાળાની લોન માત્ર ૦.૧ ટકા જેટલા નજીવા દરે આપી છે. જેના કારણે દેશમાં નવી ટેકનોલોજી આવનાર છે, લાખો રોજગારીઓનું સર્જન થનાર છે અને મેક ઇન ઇન્ડિયાના અભિયાનને વેગ મળશે. હયાત રેલ્વેની વ્યવસ્થાને પણ એટલી જ પ્રાથમિકતા અપાઇ રહી છે, તેનું પણ આધુનિકરણ અને નવિનીકરણ થઇ રહયું છે. બુલેટ ટ્રેન બનાવવાની સાથોસાથ હયાત રેલ્વે વ્યવસ્થાના આધુનિકરણનું એમ બંનેનું કામ સમાંતર ચાલશે, તેમ શ્રી ગોયલે જણાવ્યું હતુ.

એક બીજા પ્રશ્નનો જવાબ આપતાં શ્રી ગોયલે જણાવ્યું હતુ કે, શ્રી રાહુલ ગાંધીને જી.એસ.ટી. બાબતે અણસમજ છે, રાહુલ ગાંધી અમીર છે, અમીરોની ગાડી પર વધેલ ટેક્ષ તેમના પેટમાં ખૂંચે છે. રાહુલ ગાંધીને ગરીબો પ્રત્યે સંવેદનશીલતા નથી અને તેઓ ગરીબીનો ક્યારેય વિચાર કરતાં નથી. ભારતની અમીરી અને ગરીબી વચ્ચેની અસમાનતા દૂર કરવા માટે નોટબંધી અને જી.એસ.ટી. એ મોટા નિર્ણયો પુરવાર થશે. કોંગ્રેસના શાસનમાં કોંગ્રેસના મળતીયાઓ અને તેમના સાંસદોને કોઇ પણ આધાર વગર જાણે કે, લોનની લ્હાણી કરવામાં આવેલ હોય તેમ લોનો આપવામાં આવેલ હતી, તે આજે દેશના આમ નાગરિકોને ભોગવવું પડે છે. કોંગ્રેસે આકાશ-પાતાળ-જમીન બધે જ ભ્રષ્ટાચાર આચર્યો હતો. કોલગેટ, ૨જી સ્પેક્ટ્રમ, કોમન વેલ્થ, ઓગષ્ટા વેસ્ટલેન્ડ એવા તો અનેક કૌભાંડો યુ.પી.એ.ની સરકાર દરમ્યાન થયા હતાં, તે સમયે રાહુલ ગાંધી શું કરતા હતા? તેનો જવાબ રાહુલ ગાંધી ગુજરાતની પ્રજાને આપે તેમ શ્રી ગોયલે અંતમા જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૮ તા.૦૮.૧૧.૨૦૧૭

---

**''ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન'' અંતર્ગત ભાજપા યુવા મોરચાના કાર્યકર્તાઓ સમગ્ર રાજ્યમાં ૫૮૬ મંડળોમાં સંપર્ક સાધશે**

---

પ્રદેશ મીડીયા સેલની એક અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ભાજપા યુવા મોરચા દ્વારા સમગ્ર ગુજરાતમાં ૭ નવેમ્બર થી ૧૨ નવેમ્બર દરમ્યાન હાથ ધરાયેલ ''ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન''ના ભાગ રૂપે ગુજરાત યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડો. ઋત્વિજ પટેલે કલોલમાં કે. આર. સી. કોલેજમાં વિધાર્થીઓ સાથે લોક સંપર્ક કરી, ગુજરાત અને ભારત સરકારના વિકાસના કાર્યો લઇને સંવાદ કર્યો હતો, જ્યારે ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ખાતે સરકારી કોમર્સ કોલેજ ખાતે અને સેકટર-૧૧માં જીમખાના ખાતે યુવાનોનો સંપર્ક કરી ભાજપાની વિચારધારાને રજુ કરી હતી.

ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન અંતર્ગત યુવા મોરચાના કાર્યકરો દ્વારા ૫૮૬ મંડળો ઉપરાંત ગાર્ડન, કોલેજ, જીમખાના, સિનેમા હોલ, જેવા વિવિધ સ્થળો ઉપર યુવાનોનો સંપર્ક સાધી વડાપ્રધાનશ્રીનો સંદેશો તેમજ ભાજપાની વિકાસની કામગીરીની પત્રિકાનું વિતરણ કરશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ